Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026

# આદિવાસી વરરાજાને તેલ ચઢાવે તે પ્રસંગે ગવાતાં ગીતો

-ડૉ. ગુમાનસિંગ એફ. ગરાસિયા

ભૂમિકા :

મધ્ય ગુજરાતમાં મહિસાગર જિલ્લામાં સંતરામપુર તાલુકામાં વસવાટ કરતાં આદિવાસીઓનું લોકસાહિત્ય લોકજીવન સાથે પ્રણાલીગત જોડાયેલું છે. પરંપરાગત રીતે પૌરાણિક સમયથી લોકોનાં કંઠમાં નિવાસ કરતું જુદાં - જુદાં પ્રકારનું લોકસાહિત્ય સમાજનાં જે તે પ્રસંગોમાં વર્ષો પહેલાં સ્ત્રીઓનાં કંઠેથી ગવાતું હતું. આજના 21મી સદીનાં ત્રીજા દસકામાં આદિવાસી વર- લાડીનાં પ્રસંગોમાં ગવાતાં મૌખિક પરંપરાગત ગીતો જાણે કે આદિવાસી નારીના માનસમાંથી ભૂંસાઈ રહ્યાં હોય એવી અનુભૂતિ થાય છે. આ ભૂંસાતા લગ્નગીતો લોકમાનસમાંથી મૃતપ્રાય બને તે પહેલાં આપણે તેમની પાસેથી મેળવી લિખિત રૂપે સંચિત કરવાં પડશે.

ભારત એક વિશાળ વ્યાપમાં વ્યાપેલો સમૃધ્ધ દેશ છે. જેણે અત્યાર સુધી અનેક જાતિઓ અને એ જાતિઓની વિવિધ સંસ્કૃતિને આત્મસાત કરી છે. વિવિધ સંસ્કૃતિઓની એકતામાં એકતાનું સૂત્ર સંચારિત કર્યું છે. એનું સમ્યક દર્શન ભારતનાં અલગ - અલગ ભાગોમાંથી મળતાં લોકગીતો માંથી મળે છે. મૌખિક પરંપરામાં સચવાયેલાં અને લોકજીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગયેલાં આ લોકગીતો સ્થળ કાળ અને લોકજાતિઓની સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, ભૌગોલિક, રાજનૈતિક સ્થિતિનું સંપૂર્ણ દર્શન કરાવે છે. એની એક એક પંક્તિમાં લોકજીવન ધબકતું દેખાય છે. લોકગીતોમાં સ્થાનિય ભૂગોળ, પ્રથાઓ, લોકમાન્યતાઓ, રૂઢિઓ, સંસ્કારો, રહેણીકરણી વગેરેનાં ઉલ્લેખ મળે છે. આ ગીતોની રચના બંધ ઓરડામાં ગીતકારોએ નથી કરી એની રચનાઓ તો કરી છે પ્રકૃતિના ખોળે રમતાં માનવોએ. દરેક પ્રાંત કે જાતિનાં લોકગીતોમાં એમની લોકસંસ્કૃતિ ઝળકતી હોય છે.

લોકસાહિત્ય એ લોકોની સામુહિક ભાવનાનું સાહિત્ય છે. કુટુંબ તેનો બળવાન ઘટક છે. જૂદા- જૂદા જમાને જૂદી- જૂદી જાતિઓ દ્વારા એમાં કઈક ને કઈક ઉમેરાતું જ રહે છે. લોકગીતો યુગ યુગનાં, પ્રાંત પ્રાંતનાં, જાતિ જાતિનાં વિભિન્ન આચારો- વિચારો અને સંસ્કારો ને પ્રતિબિંબિત કરતાં આવ્યાં છે. વરસોથી વ્હયે આવતાં આ પરંપરાગત મૌખિક લોકગીતોમાં જેને જે રચ્યું તે પોતે અભિરુચિ પ્રમાણે ઉમેરણ કરીને ગાયું છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે લગ્ન પ્રસંગને સામાજિક બંધનનું એક અગત્યનું અંગ ગણવામાં આવે છે. દરેક સમાજમાં લગ્નની શુભ શરૂઆત ગણપતિ દેવની સ્થાપનાથી કરવામાં આવે છે. તેની વિધિ દરેક સમાજમાં ભિન્ન ભિન્ન જોવામળે છે. મહિસાગર જિલ્લામાં સંતરામપુર તાલુકામાં વસતાં આદિવાસી સમાજનાં માનવજીવો ગણેશ સ્થાપનાને ' તેલ ચઢાવવું ' જેવાં નામકરણથી ઓળખે છે.

આજે પણ આદિવાસી સમાજમાં વર- કે લાડીનું તેલ ચઢાવવાનું હોય તે વેળાએ ગીતો ગવાય છે પણ જેવા ગીતો ભૂતકાળમાં ગવાતાં તેવાં ગીતો સદભાગ્યે જ કોઈ લગ્ન પ્રસંગમાં સાંભળવા મળે છે. આદિવાસીઓની મૌખિક પરંપરાગત લોકસંસ્કૃતિ આજે ભૂંસાઈ રહીં છે. ભૂંસાઈ રહેલી લોકસંસ્કૃતિને લિખિત રૂપે જીવિત રાખવી એ આજનાં શિક્ષિત અને જાગૃત યુવાનોનું કામ છે. આદિવાસી વર- લાડીનાં તેલ ચઢાવવામાં આવે છે તે પરંપરાગત વિધિ છે. આદિવાસી પૂર્વજો જે પ્રમાણે વિધિ કરતાં તેજ પ્રમાણે વિધિને શુભ ચોઘડિયાંમા તેલ ચઢાવવાની પ્રક્રિયાથી કરવામાં આવે છે. પરણનાર વરરાજાના પિતાએ એક દિવસ અગાઉ આખાં ગામમાં તેડું મોકલેલ હોય છે. તેલ ચઢાવવાનો સમય સાંજનો હોય છે. ગામમાંથી પધારેલ આમંત્રિત મહેમાનોની આગતાસ્વાગતા અને ચા- પાણીની વ્યવસ્થા પણ થાય છે. તેલ ચઢાવે તે પહેલાં વરરાજાનું લગન લેવા માટે આમંત્રિત મહેમાનો વરરાજાને સાથે લઈ ગામમાં આવેલી દુકાને ઢોલ, કુંડી,થાળી,શરણાઈ જેવાં વાદ્યો ના નાંદ ચોતરફ ગુંજતા હોય. સ્ત્રીઓ પોતાના કંઠના મધુર અવાજમાં ગીતો રેલાવતી ચાલતી હોય છે. વરરાજાને ગળામાં પહેરાવવા માટે બહેનો અને સ્ત્રીઓ કંઠી દુકાનેથી ખરીદે છે. સાથે આવનાર અગ્રણી તેલ ચઢાવવાની વિધિની સામગ્રી લીસ્ટ પ્રમાણે ખરીદે છે. પછી વરરાજાને લઈ વરરાજાને ઘરે આંગણામાં પહોંચે છે ત્યારે પણ ગીતો ગવાતાં હોય છે. વરરાજાની માતા આંગણે આવેલ

લગનીયાઓને પીત્તળની થાળીમાં કંકુ, ચોખ્ખા, દીવો પ્રગટાવી, અગરબત્તી પ્રગટાવી ભૂમિમાતાને ચાંદલો આપી તેલ વિધિની સામગ્રી, વરરાજા અને લગન લઈને આવનાર મહેમાનોને વધાવી ચાંદલો આપવામાં આવે છે. પછી વરરાજાને પોતાની બહેન કે ભાભી નવડાવેછે. તે સમે પણ ગીતો ગવાય છે. નવડાવ્યા પછી વરને નવાં કપડાં પહેરાવવામાં આવે છે. ધોતી,સેન્ડો, સફેદટોપી પહેરાવવામાં આવે છે. તૈયાર વરને પોતાનાં ઘરની ઓસરીમાં ઉગમણી દિશા તરફ પાટલાં પર તેલ ચઢાવવા માટે બેસાડવામાં આવે છે સાથે સાથે હાથમાં તલવાર પણ આપવામાં આવે છે. તે વેળાએ વરરાજાની ફરતે ઊભેલી કન્યાઓ અને સ્ત્રીઓ ઉત્સાહભેર વિવિધ પ્રકારનાં જે ગીતો સ્ત્રીઓનાં કંઠમાંથી સહજ રીતે રેલાય છે તે નીચે મુજબ છે.

(1)

તેલે સડાવાની વેળા થઈ હે આના ગામનો પટેલ ચ ગયો રે ...2
તેલે સડાવાની વેળા થઈ હે આના ગામનો સરપસ ચ ગયો રે...2
તેલે સડાવાની વેળા થઈ હે લાડા ને માતા ચ ગઈ રે...2
તેલે સડાવાની વેળા થઈ હે લાડા ને બાપો ચ ગયો રે...2
તેલે સડાવાની વેળા થઈ હે લાડા ને વીરો ચ ગયો રે...2
તેલે સડાવાની વેળા થઈ હે લાડા ની બેનો ચ ગઈ રે...2

લાડાને તેલ ચઢાવવાની શરૂઆતની પળોમાં સ્ત્રીઓનાં કંઠેથી આ પ્રકારનાં ગીતો સમુહમાં ગાતી હોય છે. આ પ્રકારનું ગીત ગવાતાં આમંત્રિત તમામ મહેમાનો વરરાજાને તેલ ચઢાવવાના સ્થાને આવી જાય છે. કારણકે વિધિ પ્રમાણે તેલ ચઢ્યા પછી વરરાજાએ પોતાના સ્થાને મુકેલાં લાડુંનો થાળ પોતાનાં બંને હાથે પકડી ઊભા થઈ પાંચ લાડું માંથી બે લાડું પર હાથ રાખી ત્રણ લાડું પોતાની પાછળ ઉડાડવાના હોયછે એટલે કે ફેંકવાના હોય છે. જેથી વરરાજાએ ફેંકેલા લાડું ને ઝીલવા માટે બહોળી સંખ્યામાં પાછળ યુવાનો ઉમટ્યાં હોય છે. પ્રસ્તુત ગીતમાં પટેલ, સરપંચ, માતા, પિતા, ભાઈ, બહેનની હાજરી હોય છે છતાંયે ગીતમાં તેઓનાં નામ લઈ ગીતો ગવાય છે. આ પ્રકારના ગીતો સાંભળનાર શ્રોતાઓને આનંદની અનુભૂતિ કરાવે છે.

(2)

તેલે સડાવો સડાવો રે બાળક લાડાનું ...2
તેલે સડાવો સડાવો રે ગૈયડી ટડસીનું...2
કેરોસીન સડાવો સડાવો રે ગૈયડી ટડસીનું...2
તેલે સડાવો સડાવો રે બાળક લાડાનું...2

યોજાયેલ ગીત વરરાજાની તેલ ચઢાવવાની વિધિ ચાલું હોયછે ત્યારે ગવાય છે. ગીતમાં વરરાજાને બાળકરૂપે સંબોધી વ્હાલનો ભાવ દર્શાવવામાં આવ્યો છે. જયારે વરરાજાની થનાર પત્ની માટે અશોભનીય 'ગૈયડી ટડશી' શબ્દથી સંબોધવામાં આવેલ છે. આવા કટાક્ષ ભર્યા ગીતો જ લગ્નની શોભા અને આનંદમાં વધારો કરે છે અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરે છે.

(3)

કોઠી માનાં લાડવાં તે કાકો કાઢી ખાંજો રે...2
એને કાલો કુઠી માને અડીસ ડાટો રળો રે...2
કોઠી માનાં લાડવાં તે વીરો કાઢી ખાંજો રે...2
એને કાલો કુઠી માને અડીસ ડાટો રળો રે...2

યોજાયેલ ગીત વરરાજાની તેલ ચઢાવવાની વિધિ પૂર્ણ થાય ત્યારે વર ઉભો થઈ થાળીમાંના ત્રણ લાડવાં પોતાની પાછળ ઉછાળવામાં આવે છે ત્યારે સ્ત્રીઓ કાકા, વીરા, પટેલ, સરપંચ વગેરેને ગીતમાં વણી પ્રસંગને હાસ્યાસ્પદ અને રમણીય બનાવે છે.

(4)

પાટે પાટે બિલાડી રમે કાકો કે મારે બૈયરું રે...2
પાટે પાટે ઉદેડી ફરે કાકો કે મારે સૂરી રે...2
પાટે પાટે બિલાડી રમે વીરો કે મારે બૈયરું રે...2

યોજાયેલ ગીતમાં કાકા કે વીરાને કેન્દ્રમાં રાખી અબોલતા જીવો સાથેનો સંબંધ જોડી કાકા કે વીરાને ગીત રૂપે મશ્કરી કરવામાં આવી છે. આ પ્રકારના આદિવાસી ગીતોમાં પ્રગટતી અભિવ્યક્તિ લગ્ન પ્રસંગમાં માહોલને જીવંત અને રસપ્રદ બનાવે છે.

(5)

લાડા ભાઈને કોઈ ને મળે કોઈને આવે રે...2
લાડા ભાઈને બનેવી હોય તો દોડી આવે રે...2
લાડા ભાઈને વીરા હોય તો દોડી આવે રે...2
લાડા ભાઈને બેનો હોય તો દોડી આવે રે...2
લાડા ભાઈને કાકા હોય તો દોડી આવે રે...2

યોજાયેલ ગીતમાં બનેવી, વીરા, બેનો, કાકા જો હોત તો તે આ તેલ ચઢાવવાના પ્રસંગમાં દોડીને હાજરી આપી હોત. તેવો ભાવ વ્યક્ત કરી બનેવી,કાકા,વીરા અને બહેનની ખોટ લગ્ન પ્રસંગને જીવંત બનાવવામાં લગ્નનાં માહોલ ને ઉદાસ બનાવે છે. વાસ્તવમાં દરેક સ્વજનોની હાજરી પ્રસંગમાં હોય જ છે.

(6)

ઘરેણાં પેરાવરે ભોંજાઈ ઘરેણાં વગરનો લાડો વનમાં ઝુરેરે લાડો...2
દોરેડો પેરાવરે ભોંજાઈ દોરેડા વગરનો લાડો વનમાં ઝુરેરે લાડો...2
જેલા પેરાવરે ભોંજાઈ જેલા વગરનો લાડો વનમાં ઝુરેરે લાડો...2
વીંટી પેરાવરે ભોંજાઈ વીંટી વગરનો લાડો વનમાં ઝુરેરે લાડો...2
ઘડિયાળ પેરાવરે ભોંજાઈ ઘડિયાળ વગરનો લાડો વનમાં ઝુરેરે લાડો...2
કંદોરો પેરાવરે ભોંજાઈ કંદોરા વગરનો લાડો વનમાં ઝુરેરે લાડો...2

યોજાયેલ ગીત વરરાજાનું તેલ ચઢી ગયાં પછી ગવાય છે. લાડાના ગળામાં સીડી રૂપે દોરો વરની બહેન પહેરાવે છે. પછી બહેનો કે ભાભીઓ વરના ગળામાં લાવેલ એક પછી એક કંઠી પહેરાવે છે. ત્યારે વરની ભાભીને ઘરેણાં પેરાવવા માટે સૂચવે છે. ભાભી જે કઈ ઘરેણાં હોય તે પોતાનાં દિયરને પહેરાવે છે. ત્યારે વરને પીઠી પણ લગાવવામાં આવે છે. તે સમે પણ ગીત ગવાતું હોય છે.

(7)

વાનો વાનો જાગતો લઈ જા તારો વાનો...2
હીહોક દારું મેલદે લઈ જા તારો વાનો...2
હૂંડીક લાડુંઆ મેલદે લઈ જા તારો વાનો...2
વાનો વાનો જાગતો લઈ જા તારો વાનો...2

વરરાજા ઘરેણાં પેરીને તૈયાર થઈ ગયાં પછી વરનો વાનો ઘરનાં આંગણામાં કાઢવામાં આવે છે. વાનો વરના બનેવી દ્વારા કાઢવામાં આવતો હોય છે. ત્યારે ઉપર મુજબ નું ગીત ગવાતું હોય છે. વરરાજાને બાથમાં ઉંચકીને બનેવી લઈ જાય છે ત્યારે ચાલતી ચાલતી સ્ત્રીઓ ગીત ગાય છે.

(8)

લાડા પાઈનો વાનો કાઢયો આના રે ઠેકાણે...2
ગૈયડી ટડસીનો વાનો કાઢ્યો બુડી રે ડુંગરી મ...2

યોજાયેલ ગીતમાં વરરાજાના નીકળેલા વાનાની પ્રશંસા કરવામાં આવી છે જ્યારે થનાર ભાભી માટે અશોભનીય અને હાસ્યાસ્પદ રૂપે ઠેકડી ઉડાડવામાં આવી છે. આદિવાસી ગીતોની આજ તો વિશેષતા છે.

(9)

લાડા ના બાપે રમકડું ઘડાયું હોય હોય લાડો નાસે રે...2
ગૈયડી ને બાપે રુવેતું ઘડાયું હોય હોય ગૈયડી રુવે રે...2

યોજાયેલ ગીત વરરાજાને તેલ ચઢાવી ને વાનો ઘરનાં આંગણામાં કાઢવામાં આવે છે. તે વેળાએ વરરાજાને પોતાના સગા સંબંધીઓ, ભાઈઓ, મિત્રો પોતાના ખાદે ઊંચકી નચાડતા હોય છે અને અન્ય સ્ત્રીઓ અને પુરુષો પણ વરની સાથે નાચતાં હોય છે ત્યારે ઉપર મુજબ નું ગીત ગવાતું હોય છે. અહીં ગીતમાં લાડાને નાચતો બતાવ્યો છે જયારે પોતાની આવનારી પત્ની ને ઘરડી અને રુદન કરતી બતાવવામાં આવી છે.

(10)

કેને કેને ખાદુલે નાસે નાનો લાડો...2
એને બનેવીને ખાદુલે નાસે નાનો લાડો...2
એને વીરાને ખાદુલે નાસે નાનો લાડો...2
એને દોસ્તો ને ખાદુલે નાસે નાનો લાડો...2
એને કાકા ને ખાદુલે નાસે નાનો લાડો...2

અહીં યોજાયેલ ગીતમાં વરરાજાને બનેવી, વીરો, દોસ્તો પોતાના ખાદે બેસાડી વરરાજાના બંને હાથ પોતાના હાથમાં પકડી લાડાને નચાવતા હોય છે ત્યારે આ ગીત ગવાતું હોય છે અને ગાનાર સ્ત્રીઓ અને દકરીઓ નચાડી રહેલાં લાડાને જોતી હોય છે. અહીં વર ને નાના લાડા નું સ્થાન આપી પોતાના વીરા પ્રત્યેનું વ્હાલપ પ્રગટેલુ જોવાં મળે છે.

(11)

રે લાડા પાઈ કડક રેજો રે બનેવી તે સેલમાં રમે રે...2
રે લાડા પાઈ કડક રેજો રે બનેવી તે પાડી દેહે રે...2
રે લાડા પાઈ કડક રેજો રે કાકા તે સેલમાં રમે રે...2
રે લાડા પાઈ કડક રેજો રે કાકા તે પાડી દેહે રે...2
રે લાડા પાઈ કડક રેજો રે વીરા તે સેલમાં રમે રે...2
રે લાડા પાઈ કડક રેજો રે વીરા તે મોંજ કરાવે રે...2

અહીં નિરૂપાયેલ ગીતમાં વરને બનેવી, કાકા રમાડતાં હોય છે ત્યારે વરરાજાને સચેત રહેવાનું ગીત રૂપે જણાવે છે. કારણકે બનેવી અને તમારા કાકા તો વટ બતાવવા માટે રમાડી રહ્યાં છે માટે તમને પાડી ન દે તે ધ્યાનમાં રાખવાનું જણાવે છે. જયારે ભાઈ છે એ તો નચાડી ને તમને મોંજ કરાવેશે માટે ભાઈ રમાડતો હોય ત્યારે કોઈ ચિંતા ન કરવાનું કહે છે.

(12)

નાસો રે નાસો વીરા વીરા વાળો વટ હે...2
નાસો રે નાસો વીરા કાકા વાળી જુડ હે...2
નાસો રે નાસો વીરા બનેવી વાળો વટ હે...2
નાસો રે નાસો વીરા દોસ્તો વાળો વટ હે...2

યોજાયેલ ગીતમાં ગાનાર સ્ત્રીઓ વરરાજાને જે કોઈ સ્નેહી પોતાના ખાદા પર બેસાડી નચાવે છે તે પ્રેમથી અને વટ પૂર્વક નચાડે છે માટે મન ભરીને વરરાજાને નાચીલેવાનો ભાવ સૂચવાયો છે.

પ્રસ્તુત શોધપત્રમાં મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં વસવાટ કરતાં આદિવાસી વરરાજાને તેલ ચઢાવવાનો પ્રસંગ આવે છે ત્યારે આદિવાસી સ્ત્રીઓ અને દિકરીઓ મનભરીને પોતાનાં મનોજગતમાં પડેલાં ગીતોને પ્રસંગ વેળાએ મનોમન યાદ કરે છે અને એ પ્રસંગે ગાઈ પ્રસંગના  શાંત વાતાવરણને જીવંત, સુંદર અને રસપ્રદ બનાવી પ્રસંગને રમણીય બનાવે છે. આ શોધ પત્રમાં મેં સાંભળેલાં વરરાજાને તેલ ચઢાવે ત્યારે આદિવાસી સ્ત્રીઓનાં કંઠેથી વહેતાં ગીતોને લિખિત રૂપે સંચિત કર્યો છે. આજના આધુનિક યુગમાં આદિવાસી વર- કન્યાનાં લગ્ન પ્રસંગોમાં પહેલાના સમયમાં સ્ત્રીઓ ઉત્સાહભેર ગીતો ગાવા માટે રુચિ દાખવતી હતી તે પ્રકારની રુચિ હમણાંના લગ્ન પ્રસંગોમાં જોવાં મળતી નથી આજે આ મૌખિક પરંપરાગત ગવાતાં ગીતો આદિવાસી નારીના કંઠમાંથી ચાલ્યાં જાય એ પહેલાં આપણે ગાનારી સ્ત્રીઓ પાસેથી ગવડાવી લઈ લેવા જોઈએ. ઉપરોકત ગીતો આવનારી આદિવાસી પેઢીને ઉપયોગી બને અને આ લેખ વાંચી આદિવાસી સમાજમાં વસતાં વડીલોના કંઠમાં જળવાયેલું લોકસાહિત્ય મેળવી લિખિત રૂપ આપવાનો ભાવ જન્મે અને આદિવાસી સંસ્કૃતિને જીવંત રાખવાનો એક સુંદર પ્રયાસ થાય એજ મારો ભાવ છે.

સંદર્ભ ગ્રંથો :


૧. 'ભીલોનું ભારત' - સંપાદક : ડૉ. ભગવાનદાસ પટેલ - પ્રથમ આવૃત્તિ: ઈ.સ. ૧૯૯૭
૨. 'લોકગીત : તત્વ અને તંત્ર' - સંપાદક : ડૉ. બળવંત જાની - પ્રથમ આવૃત્તિ: ઈ.સ.૨૦૦૨
૩. 'ગુજરાતના આદિવાસી લોકસાહિત્યનો ઈતિહાસ' - હસુ યાજ્ઞિક - પ્રથમ આવૃત્તિ: ઈ.સ. ૨૦૧૧
૪. 'લોકસાહિત્ય સંશોધન પદ્ધતિ' - હસુ યાજ્ઞિક - પ્રથમ આવૃત્તિ: ઈ.સ. ૨૦૧૪
૫. 'આદિવાસી વિકાસ અને વન' - લેખિકા: ડૉ. મીનાક્ષી ઠાકર - પ્રથમ આવૃત્તિ: ઈ.સ. ૨૦૦૪

૬. ' લોકસાહિત્ય આલોક ' - જશવંત શેખડી વાળા - પ્રથમ આવૃત્તિ: ઈ.સ. ૨૦૦૭
૭. ' લોકસાહિત્ય અને સંબંધિત વિદ્યા શાસ્ત્રો' - સંપાદકો: પ્રશાંત પટેલ. ભરત ખેની. નિલેશ મકવાણા. પ્રથમ આવૃત્તિ: ૨૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૨૦૧૮
૮. ' લોકગીત અભ્યાસ અને આસ્વાદ ' કંઠ સંપદા: વિશેષાંક - સંપાદકો: પ્રશાંત પટેલ. ભરત ખેની. નિલેશ મકવાણા. પ્રથમ આવૃત્તિ: ઓગસ્ટ - ફેબ્રુઆરી - ઈ.સ.૨૦૧૭/૧૮

---

ડૉ. ગુમાનસિંગ એફ. ગરાસિયા - આસિસ્ટન્ટ પ્રોફેસર , ગુજરાતી વિભાગ
એમ.વી. એન્ડ એમ. પી રામાણી આર્ટ્સ એન્ડ આર. કે ખેતાણી કોમર્સ કોલેજ,
નખત્રાણા – કચ્છ
મો. ૯૭૧૨૦ ૯૭૬૭૧